


ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળના વિસ્તરણની શક્યતાઃ રૂપાણી

વાંચો પેજ નં. 4

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 04 June 2024, Tuesday | Page : 10 | Year : 1 | Issue : 195 | Price: 2/-




### લોકસભા ચૂંટણીની રેસમાં એક્ઝિટ પોલ અને લોકજુવાળ નરેન્દ્ર મોદી તરફી

# આજે પરિણામ

ભારત હેડલાઈન, તા.૩

દેશભરમાં સાત ચરણમાં થયેલા મતદાન બાદ હવે આવતીકાલે ૪ જુને આવનારા પરિણામ પર સૌની નજર છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪નું પરિણામ ૪ જુન મંગળવારે સવારે આવવાનું શરૂ થઈ જશે. એક તરફ એક્ઝિટ પોલના આંકડા એનડીએને બહુમતી બતાવી રહ્યું છે. તો બીજી તરફ, વિપક્ષી ગઠબંધન INDIAએ પોતાને ૨૯૫થી વધુ બેઠકોનો દાવો કર્યો છે. ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્ર શાસિત પ્રદેશોની તમામ ૫૪૨ લોકસભા વિસ્તારો માટે સાતમા ચરણનું મતદાન શનિવાર, ૧ જુનના રોજ પૂર્ણ થયું હતું અને હવે તમામને દેશના સૌથી મોટા ચૂંટણી પરિણામની આતુરતાથી રાહ છે.

ચૂંટણી પંચે મતગણતરીની પૂરતી તૈયારી કરી લીધી છે. ન માત્ર લોકસભા પરંતું, ઓરિસ્સા અને આધ્રપ્રદેશના વિધાનસભા ચૂંટણીના પરિણામ પણ મંગળવારે આવશે. ગુજરાતભરની તમામ બેઠકો પર રિઝલ્ટ માટે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મતગણતરી વિશે મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ માહિતી આપી છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે ગુજરાતમાં ૨૬ મતગણતરી કેન્દ્રો પર આવતીકાલે સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ કરવામાં આવશે. ગુજરાતના ૨૬ મતગણતરી કેન્દ્રો ખાતે તમામ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સમગ્ર કાઉન્ટિંગ પ્રોસેસ માટે ૫૬ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૩૦ ચૂંટણી અધિકારી અને ૧૭૫ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત ૬૧૫ વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ અને બેલેટ માટે જવાબદારી સોંપવામાં આવી છે.

# વિશ્વ વિક્રમ

## દેશમાં 64.2 કરોડ લોકોએ મતદાન કર્યું



### લોકસભા ચૂંટણીના પરિણામ પહેલા ECએ કરી પ્રેસ કોન્ફરન્સ

ભારત હેડલાઈન, તા.૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં સાત તબક્કામાં મતદાન પૂર્ણ થઈ ગયું છે. આવતીકાલે ૪ જૂનના રોજ મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે આજે ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને ચૂંટણીને લઈને માહિતી આપી છે.

લોકસભા ચૂંટણી અંગે ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમાર કહ્યું કે, 'અમે ૬૪૨ મિલિયન (૬૪.૨ કરોડ) મતદારોનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ તમામ G7 દેશોના મતદારોના ૧.૫ ગણા અને EUમાં ૨૭ દેશોના ૨.૫ ગણા મતદારો છે.'


ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમાર કહ્યું કે, 'આ વખતે ૩૧ કરોડ મહિલાઓએ મતદાન કર્યું છે, જે પ્રથમ વખત થયું છે. ઘરેથી પણ મતદાન કરવાનો રેકોર્ડ બન્યો છે. ભારતમાં લોકસભા ચૂંટણીમાં ૩૧ કરોડ ૨૦ લાખ મહિલાઓ સહિત ૬૪ કરોડ ૨૦ લાખ મતદાતાઓએ ભાગ લઈને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

# એક્ઝિટ પોલ ઈફેક્ટઃ શેરબજારમાં તેજીનું તોફાન

### રોકાણકારોને ૧૨ લાખ કરોડની કમાણીઃ સેન્સેક્સ ૭૬,૪૬૮ અને નિફ્ટી ૨૩,૨૬૩ની સપાટીએ બંધ થયો

ભારત હેડલાઈન, તા.૩

ચૂંટણી પરિણામોના એક દિવસ પહેલાં શેરબજારમાં રેકોર્ડ તેજી જોવા મળી હતી. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૨૭૭૭ પોઈન્ટની તેજી સાથે ૭૬,૭૩૮ની ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો તેમજ નિફ્ટીએ પણ ૮૦૮ પોઈન્ટની તેજી સાથે ૨૩,૩૩૮ની ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો.



જોકે બાદમાં બજાર તેના ઉપલા સ્તરોથી થોડું નીચે આવ્યું અને સેન્સેક્સ ૨,૫૦૭ પોઈન્ટના વધારા સાથે ૭૬,૪૬૮ પર બંધ થયો હતો. નિફ્ટી ૭૩૩ પોઈન્ટ વધીને ૨૩,૨૬૩ની સપાટીએ બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૫માં તેજી અને ૫માં ઘટાડો રહ્યો હતો.

શેરબજારમાં આવેલી આ તેજી દરમિયાન રોકાણકારોની સંપત્તિમાં લગભગ ૧૨ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. શુક્રવારે BSEનું માર્કેટકેપ ૪,૧૨,૧૨,૮૮૧ કરોડ રૂપિયા હતું, જે આજે એટલે કે ૩ જૂને કારોબાર દરમિયાન વધીને રૂ. ૪,૨૩,૭૧,૨૩૩ કરોડ થયું હતું. આજે અદાણી ગ્રુપના તમામ શેરોમાં તેજી જોવા મળી હતી અને અદાણી પાવરના શેરમાં સૌથી વધુ ૧૬%થી વધુનો વધારો થયો હતો.



**વેંચી ના શકાય કે નામે ન થઈ શકે એવી ખેતીની જમીન પોતાના પરિવારના નામે કરી લીધાની ચર્ચા!**

# રાજકોટના પૂર્વ ભાજપ પદાધિકારીના કાર્યક્ષેત્રમાં ફરજ બજાવતાં મનપાના એક એટીપીના કાળાં કરતૂત?!

**તત્કાલિન TPO મનસુખ સાગઠીયાના નવા બની રહેલા બંગલોને બાંધકામ માટેની વહીવટી મંજૂરી આપવામાં પણ આ અધિકારીની મુખ્ય ભૂમિકા?**

**રાજકોટનાં TRP ગેમઝોનના અગ્નિકાંડમાં અનેક અધિકારીઓ કાયદાના સકંજામાં આવી ગયા છે તો આ મહાશયને કોણ છાવરી રહ્યું છે?**

**આ મહાશયે પોતાના કાર્ય ક્ષેત્રમાં આવતા અનેક બાંધકામોમાં નિયમ વિરૂદ્ધ પરવાનગી આપેલ હોવાનું અને લાખો રૂપિયા કટકટાવ્યા હોવાની શહેરભરમાં ચર્ચા!**

ભારત હેડલાઈન, તા.૩

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ મહાનગર પાલિકાના અનેક અધિકારીઓની સંડોવણી ખુલતા સિટની તપાસમાં તેઓને ગુનેગાર ઠેરવી તેઓની સામે કાયદાનો સકંજો કસવા માટે કાર્યવાહી હાથ ધરાઈ રહી છે તે સારી બાબત છે. પરંતુ આવી ગુનાખોરીમાં સામેલ પૂર્વ ભાજપ પદાધિકારીના કાર્યક્ષેત્રમાં ફરજ બજાવતા મનપાના એક એટીપી હજુ બિન્દાસ્ત ફરી રહ્યાં છે ત્યારે આ અધિકારીના કાળા કરતૂતોને કોણ છાવરી રહ્યું છે તેવા પ્રશ્નો ઉઠવા પામ્યાં છે. આ અધિકારીએ મનપાના મુખ્ય ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાના નવા બની રહેલા બંગલોને બાંધકામ માટેની વહીવટી મંજૂરી આપી હોવાનું પણ જાણવા મળેલ છે. અને એમાં એમની મુખ્ય ભૂમિકા હોય એવું ચર્ચાય રહ્યું છે. એટલું જ નહિ આ અધિકારીએ પોતાના કાર્ય ક્ષેત્રમાં આવતા અનેક બાંધકામોમાં નિયમ વિરૂદ્ધ પરવાનગી આપેલ હોવાનું અને લાખો રૂપિયા કટકટાવ્યા હોવાનું લોક મુખે ચર્ચાય રહ્યું છે. આ અધિકારી પોતાની સુખાકારી માટે પરિવારના સભ્યોના નામે એક નામે ન થઈ શકે એવી ખેતીની જમીન પોતાના પરિવારના નામે કરી પોતાના પરિવારનો નામ સમાવેશ કરી લીધેલ છે. હકીકતે આ જમીન જેમની પાસે ખરીદ કરેલ છે અથવા તો પડાવી લીધેલ છે તે જમીન જે તે સમયે સરકારે લઘુમતી સમાજના ભૂમિહિન પરીવારોના જીવન નિર્વાહ માટે ભેટ રૂપે આપેલ છે તો પ્રશ્ન એ થાય છે કે આ જમીન વેચી શકાતી નથી તો આ અધિકારીએ કઈ જોગવાઈ હેઠળ આ જમીન ખરીદી હશે.. આ જમીન ખરીદવા કે પચાવી પાડવામાં ગ્રામ પંચાયતના રેકર્ડમાં કેટ કેટલા કાળા ધોળા કર્યા હશે તે પણ એક તપાસનો વિષય છે. આ અધિકારીએ પોતાના ભાઈના પરિવારને અજ્ઞાતમાં રાખી આ જમીનમાં પોતાની અને પોતાના પરિવારની વારસાઈ હક્કની એન્ટ્રી કરાવી હોવાનું ચર્ચાઈ છે તો શું આ ન વેંચી શકાઈ તેવી જમીન ખરીદીમાં આ અધિકારીએ કાયદાનો દૂર ઉપયોગ કરી સરકાર સામે છેતરપિંડી કરી હોવાનું લોક મુખે ચર્ચાઈ છે. આ અધિકારીએ પોતાના કાર્યક્ષેત્રમાં કેટલા કાળા ધોળા કરી ઘણા ન થઈ શકે એવા બાંધકામો કાયદેસર કરાવી આપેલ હોવાનું અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચાર્યો હોવાનું ચર્ચાય છે.. જો આ અધિકારીની કરમ કુંડળી કાઢી સાચી તપાસ હાથ ધરાઈ તો અનેક ખોટા કામો કર્યા હોવાનું બહાર આવી શકે એમ છે. આવા ભ્રષ્ટ અધિકારી સામે તટસ્થ તપાસ થાય તેવું લોકો ઈચ્છી રહ્યાં છે.

# આનંદો... ચોમાસું વહેલું આવશે

## કાલથી દક્ષિણ અને પૂર્વોત્તર રાજ્યોને ગરમીથી રાહત મળશે, હવામાન ખાતાની આગાહી

નવી દિલ્હી, તા.૩

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભલે ભીષણ ગરમી પડી રહી છે પરંતુ દક્ષિણ અને પૂર્વોત્તર ભારતમાં મોનસૂન મહેરબાન છે. હવામાન વિભાગના તાજા અનુમાનમાં કહેવામાં આવ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ મોનસૂન આગળ વધવાની અનુકૂળ પરિસ્થિતિઓ બનેલી છે. આ કારણે મોનસૂન પોતાના નક્કી સમયથી આગળ ચાલી રહ્યું છે. અત્યાર સુધી આ કેરળ, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના અમુક ભાગોમાં લક્ષદ્વીપ અને અંદમાન નિકોબાર સહિત અરબ સાગર અને બંગાળની ખાડીમાં ખૂબ આગળ વધી ચૂક્યુ છે. આ સિવાય મોનસૂન પૂર્વોત્તરના તમામ રાજ્યોમાં પણ પહોંચી ચૂક્યુ છે.



હવામાન વિભાગે કહ્યું કે આગામી એક-બે દિવસમાં ચોમાસુ પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશાના ઘણા વિસ્તારોમાં વરસાદ લઈને આવી શકે છે. સામાન્ય રીતે બિહારમાં ચોમાસાની એન્ટ્રી લેવાની તારીખ ૧૦ જૂન છે પરંતુ આ લગભગ એક અઠવાડિયા પહેલા જ રાજ્યના પૂર્વ ભાગમાં દસ્તક આપી શકે છે. નવી સેટેલાઈટ ઈમેજરીના આધારે મોનસૂનની જે રેખા જોવામાં આવી છે તે આજે બંગાળના કૂચબિહાર અને કિશનગંજની આસપાસનો વિસ્તાર છે.

આ વચ્ચે IMDએ કેરળમાં આજે ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આઈએમડીએ આસામ અને મેઘાલય માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે અને કહ્યું છે કે ૩થી ૫ જૂનની વચ્ચે ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. વિભાગે આ રીતે એલર્ટ તટીય આંધ્ર પ્રદેશ માટે પણ જારી કર્યું છે.

હવામાન ખાતાએ તેના બુલેટિનમાં કહ્યું છે કે આ સમયે બે ચક્રવાતી નીચું દબાણનું કેન્દ્ર બનેલું છે, જેના કારણે દેશના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ અનુસાર એક સાઈક્લોનિક સર્ક્યુલેશન આસામને પૂર્વોત્તર ભાગની ઉપર ટ્રોપોસ્ફિયરમાં સક્રિય છે જ્યારે બીજું સર્ક્યુલેશન કેરળ અને તેની આસપાસ બનેલું છે. હવામાન વિભાગ અનુસાર આ ચક્રવાતી દશાના કારણે કેરળ, માહે અને કર્ણાટકના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. રવિવારે પણ આ વિસ્તારોમાં ભારે વરસાદ નોંધવામાં આવ્યો છે.



## ટિકટોક ગર્લે હદ વટાવી!

# કિર્તી પટેલે વેપારી પાસેથી ખંડણી માંગી, જાનથી મારી નાંખવાની ધમકી આપી

સુરત, તા.૩

ટીક ટોકથી સોશ્યલ મીડિયામાં સ્ટાર બનેલી કીર્તિ પટેલ ફરી વિવાદમાં આવી છે. વેપારી પાસે બે કરોડની ખંડણી માંગનાર કીર્તિ પટેલ સામે ફરિયાદ નોંધાઈ છે. સુરતના બિલ્ડર વધુ કાત્રોડીયાને ધમકાવીને તેની પાસેથી બે કરોડ રૂપિયાની ખંડણી માંગવાના કેસમાં સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં એક ફરિયાદ નોંધાઈ છે. આ કેસમાં કાપોદ્રા પોલીસે ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ સહિત કુલ ૬ લોકો સામે ગુનો દાખલ કર્યો છે. આ કેસમાં મુખ્ય આરોપી વિજય સવાણીની ધરપકડ પણ કરાઈ છે.

ફરિયાદ કરનાર વજુ કાત્રોડિયા અને વિજય સવાણીને અગાઉ એક પ્રોપર્ટીની લેતીદેતી મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આ કેસ બોર્ડ ઉપર આવવાનો હોવાથી વિજય સવાણી અને તેના સાગરીતો સાથે મળીને વજુ કાત્રોડિયા પાસેથી બળજબરી થી પૈસા કઢાવવા ઈચ્છતો હતો અને એટલા માટે જ વિજય સવાણીએ કીર્તિ પટેલ અને તેના સાગરીતો સાથે મળીને સોશિયલ મીડિયા પર વજુ કાત્રોડીયાને બદનામ કરવાના કાવતરાઓ કર્યા હતા. વજુ કાત્રોડીયાના ફોટા સાથે રીલ્સ કીર્તિ પટેલ અને વિજય સવાણીએ અપલોડ કરી હતી. આ ઉપરાંત કીર્તિ પટેલ દ્વારા ફરિયાદી અને તેના પરિવારને સોશિયલ મીડિયામાં લાઈવ થઈને અપશબ્દો કહીને બદનામ કરવામાં આવતા હતા. આ ઉપરાંત મરાવી નાખવાની પણ ધમકી પણ આપવામાં આવી હતી. આ કેસમાં ફરિયાદીને સમાધાન કરવા માટે કોસમાડી પાટીયા ખાતે આવેલા સિલ્વર ફાર્મમાં મળવા માટે બોલાવવામાં આવ્યા હતા. આ ફાર્મમાં જાનવી ઉર્ફે મનીષા ગૌસ્વામી, ઝાકીર, કીર્તિ પટેલ અને વિજય સવાણીએ ફરિયાદી વજુ કાત્રોડીયાને કોઈ ઠંડા પીણામાં નશીલો પદાર્થ પીવડાવી તેના ફોટા અને વિડિયોમાં બનાવીને ફરિયાદીને બ્લેકમેલ કરી સમાધાન માટે બે કરોડ રૂપિયાની માગણી કરી હતી.

# એક્ઝિટ પોલ બાદ સોના-ચાંદીના ભાવ ડાઉન, સોનામાં ૬૦૦ રૂપિયાનો કડાકો

નવી દિલ્હી, તા.૩

મલ્ટી કોમોડિટી માર્કેટ (ખઈડ)માં સોમવારે સોનું ૬૦૦ રૂપિયા ઘટીને ૭૧૨૯૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું હતું. જ્યારે ચાંદીની કિંમત લગભગ રૂ. ૧૪૦૦ ઘટીને રૂ. ૯૦૧૨૧ પ્રતિ કિલો થઈ ગઈ છે.



એક્ઝિટ પોલના પરિણામો સામે આવતાની સાથે જ સોના અને ચાંદીના ભાવમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. ખઈડ પર સોના અને ચાંદીના ભાવમાં શુક્રવારની સરખામણીએ વધુ ઘટાડો થયો છે. શુક્રવારે ચાંદીની કિંમત ૯૧,૫૭૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી, જ્યારે ૩૧ મે, ૨૦૨૪ ના રોજ સોનાની કિંમત ૭૧,૮૮૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી.

૨૯ મે, ૨૦૨૪ના રોજ સોનાનો ભાવ ૭૨,૧૯૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો જે હવે ઘટીને ૭૧૨૯૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયો છે. આજે તેની કિંમત ૫૯૧ રૂપિયા સસ્તી થઈ ગઈ છે અને ત્રણ ટ્રેડિંગ દિવસોમાં MCX પર રેટ ૯૦૦ રૂપિયા ઘટ્યા છે. સોનાનો આજે સૌથી નીચો ભાવ ૭૧૧૭૮ રૂપિયા હતો અને દિવસનો સૌથી વધુ ભાવ ૭૧૬૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો. આ દર ૫ જૂનના સોનાના વાયદા માટે છે. સોમવારે જ્યારે કોમોડિટી માર્કેટ ખુલ્યું ત્યારે સોનું અને ચાંદી ખૂબ સસ્તું થઈ ગયું હતું. MCXમાં સોમવારે સોનું ૬૦૦ રૂપિયા ઘટીને ૭૧૨૯૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું.

## લોકસભા ચૂંટણી પરિણામ બાદ ગુજરાત રાજકારણમાં નવાજૂનીનાં એંધાણ

# ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળના વિસ્તરણની શક્યતાઃ વિજય રૂપાણી

ભારત હેડલાઇન, તા.૩
આવતીકાલે ગુજરાત લોકસભા ચૂંટણીનું પરિણામ આવશે ત્યારે ગુજરાતના રાજકારણના સૌથી મોટા સમાચાર આવ્યા છે. એક મીડિયા સાથેની વાતચીતમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીનાં પરિણામ બાદ ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થાય એવી શક્યતા છે.

**સવાલઃ** આવતીકાલે લોકસભા ચૂંટણીનું પરિણામ આવશે તો ભાજપની શું સ્થિતિ છે? કોંગ્રેસ-આપનું ગઠબંધન કેટલું અસરકારક?

**જવાબઃ** વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપની ૨૬ સીટ આવશે, એક તો જીતી જ ગયા છીએ, ૨૫ બાકી છે. ક્ષત્રિય આંદોલનથી નાની-મોટી અસર થઈ છે. ક્યાંક-ક્યાંક કાર્યકર્તાઓ વચ્ચે નાના-મોટા પ્રોબ્લેમો રહ્યા હતા, પરંતુ બધી બેઠકો એટલા માટે જીતીશું કે એક વખત જો ખરેખર નરેન્દ્રભાઈને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા એ હવા ચાલી હોય. નરેન્દ્ર મોદી સાથે ગુજરાતીઓ સીધા જોડાયેલા છે. નરેન્દ્ર મોદી માટે પ્રેમ-લાગણી, વિશ્વાસ-ભરોસો આ બધી વસ્તુ મોદી પર છે. ઘણા મતદાર એવા જોયા, એ લોકોએ ઉમેદવારને કન્સિડર કર્યા જ નથી. અમે મોદીને મત આપી આવ્યા, એ વાત ચાલી હશે તો કોંગ્રેસવાળો કોઈ બચવાનો નથી. ૨૬-૨૬ બેઠક મળશે.

**સવાલઃ** ક્ષત્રિય આંદોલનની અસર ઓછી થઈ હતી, ભાજપે આ મુદ્દો ટેકલ કરી લીધો હતો?

**જવાબઃ** ક્ષત્રિય આંદોલન છેલ્લે સુધી ચાલ્યું હતું. પરંતુ અમને એટલો ભરોસો હતો કે ક્ષત્રિય લોકો દેશભક્ત છે. દેશ માટે, સંસ્કૃતિ માટે, ધર્મ માટે હંમેશાં બલિદાન આપ્યાં છે. રૂપાલાસાહેબે અવારનવાર માફી માગી છે તો અંતે તો એ કમળને જ મત આપશે એવો વિશ્વાસ હતો.

**સવાલઃ** મંત્રીમંડળનું વિસ્તરણ થશે?

**જવાબઃ** સી આર. પાટીલ, અમિત શાહની બેઠક, બરોડાની બેઠક જેવી ત્રણ-ચાર સીટ એવી છે, જેમાં પાંચ લાખની આવવાની પૂરી શક્યતાઓ છે અને આવશે. મંત્રીમંડળ બદલાવાની શક્યતા છે, બાકી ઉપરવાળા નક્કી કરશે. શકયતા શબ્દ એટલે વાપરું છું કે ગુજરાતના કાયદા મુજબ ૨૪ કે ૨૫ લોકોનું મંત્રીમંડળ બને, અત્યારે ૧૭ જ છે. નવી સરકાર ભૂપેન્દ્રભાઈની બની ત્યારે પણ એમ કહેવાતું હતું કે આ ૧૭ પછી વિસ્તરણ થશે. એટલે શક્યતા છે. સીએમ બદલે એ અંગે હું કંઈ જોતો નથી.



**સવાલઃ** પંજાબમાં આ વખતે કેવાં પરિણામો આવશે, ભાજપ કેટલી સીટ પર ટક્કર આપશે?

**જવાબઃ** પંજાબનો વાત કરું તો ધણા બધા નેગેટીવ પરિબળો છે, દાખલા તરીકે ખાલીસ્તાનવાદ એની એક કટ્ટરપંથી લોકો ખાલીસ્તાની સાથે જોડાયેલા છે. કિશાન આંદોલન પણ ધણા સમયથી ચાલી રહ્યું છે. ચૂંટણીમાં પણ બધા પ્રદર્શનો કર્યા. પંજાબમાં ભારતીય જનતા પાર્ટીઓ અકાલીઓ સાથે હોવાથી અત્યાર સુધી અકાલીએ લોકસભામાં ૧૩માંથી માત્ર ત્રણ સીટ લડવા આપેલી. એનો મતલબ ૧૦ લોકસભા વિસ્તારમાં કોઈ દિવસ ભાજપ ગયું જ નથી લડવા...એવી જ રીતે વિધાનસભામાં એમને આપને ૨૦ ૨૨ બેઠક મળવા લડવા આપેલી એનો મતલબ ૯૦ બેઠકમાં ભાજપ ગયું જ ન હતું એ જોકે લગભગ આખું નવું સંગઠન ઉભું કર્યું અને આ વખતે નક્કી કર્યું એકલા હાથે ચૂંટણીમાં લડવું છે એટલે આપણે અત્યારે ૧૩ બેઠક આ વખતે ભારતીય જનતા પાર્ટી લડી. પરંતુ મને આશા છે કે લાસ્ટ ટાઈમ આપણી બે બેઠક હતી એ પણ સાથે અકાલી સાથે જોડાણ કરેલી ચૂંટણી હતી. આ વખતે મને વિશ્વાસ છે અને દાવો છે કે તેર બેઠકમાંથી ચારથી પાંચ બેઠક જીતીશું.

# અગ્નિકાંડને લઈ કોંગ્રેસ ૭૨ કલાકના ધરણા કરશે

## મૃતકોને ન્યાય અપાવવા કોંગ્રેસ ધરણા કરશે, ધરણા માટે ૭થી ૧૦ તારીખ સુધીની માંગી મંજૂરી

ભારત હેડલાઇન, તા.૩
રાજકોટના TRP ગેમ ઝોન ખાતે ગત ૨૫ મેના શનિવારના રોજ સર્જાયેલ અગ્નિકાંડના સમગ્ર રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સમગ્ર રાજ્યમાં ફાયર સેફટીને લઈને તપાસ શરૂ કરવામાં આવી ચૂકી છે અને ગેમઝોન અગ્નિકાંડની તપાસ માટે પણ SITની રચના કરી ઉચ્ચસ્તરીય તપાસ શરૂ કરી દેવામાં આવી છે. તો હવે આ ઘટનાને રાજકીય રંગ પણ મળવા લાગ્યો છે. દુર્ઘટનાના ૧૦ દિવસ થઈ ગયા છે ત્યારે હવે કોંગ્રેસ મેદાને આવ્યું છે અને ઘટનાને લઈને મૃતકોને ન્યાય અપાવવાની વાત કરી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ અગ્નિકાંડને લઈને હવે કોંગ્રેસ દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી છે. અગ્નિકાંડમાં મૃતકોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા રાજકોટમાં ત્રણ દિવસ ધરણા અને ઉપવાસ આંદોલન કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેને લઈને કોંગ્રેસ દ્વારા પોલીસ વિભાગમાં મંજૂરી પણ માંગવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા અગ્નિકાંડના મૃતકોને ન્યાય અપાવવા માટે ૩ દિવસના ઉપવાસ આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. આગામી ૭ જૂનથી ૧૦ જૂન દરમિયાન રાજકોટ શહેરના ત્રિકોણ બાદ ખાતે સતત ૭૨ કલાક આંદોલન કરવામાં આવશે. જેના માટે રાજકોટ પોલીસ પાસે મંજૂરી માંગવામાં આવી છે. રાજકોટ કોંગ્રેસના અગ્રણી નેતા મહેશ રાજપૂતે નિવેદન આપતા આક્ષેપો કર્યા છે કે રાજકોટ અગ્નિકાંડમાં ટાઉન પ્લાનિંગ અધિકારી સાગઠીયાને એક માત્ર વિલન સાબિત કરીને બાકીના ભ્રષ્ટ અધિકારીઓને દૂધે ધોયેલા સાબિત કરવા તપાસ કમિટી નાટક કરી રહી છે. અગ્નિકાંડના મૃતકોને ન્યાય આપવા માટે જવાબદાર જે કોઈ મગરમચ્છ હોય તેને પકડી પાડવા જરૂરી છે. પદાધિકારીઓ કે મોટા અધિકારીઓની ઈચ્છા વગર પાંદડું પણ ન હાલે તો એક બે નાના અધિકારીઓ કાઈ તાકાતથી ગેરકાયદે કામ થવા દે.




# કાંગશિયાળીમાં ગરીબોને અપાતા અનાજના જથ્થાને બારોબાર વેંચી મારવાનું કૌભાડ

## દુકાનદાર દ્વારા જાહેર રજાના દિવસે સરકારનું પોર્ટલ બંધ હોય ત્યારે તેનો લાભ લઈ ગરીબોને અપાતા જથ્થાને અન્યને વેંચવા માટે સરકારી પેકિંગમાં આવેલા જથ્થો સગેવગે કરાતો હોવાના પુરાવા સામે આવ્યા

ભારત હેડલાઇન, તા.૩

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના કાંગશિયાળીગામે સસ્તા અનાજના દુકાનદાર દ્વારા ગરીબોને અપાતા અનાજના જથ્થાને બારોબાર વેંચી મારવાનું કૌભાડ સામે આવ્યું છે. આ દુકાનદાર દ્વારા જાહેર રજાના દિવસે સરકારનું પોર્ટલ બંધ હોય ત્યારે તેનો લાભ લઈ ગરીબોને અપાતા જથ્થાને પ્રાઈવેટ વાહનમાં અન્યને વેંચવા માટે સરકારી પેકિંગમાં આવેલ જથ્થો સગેવગે કરાતો હોવાના પુરાવા સામે આવ્યા હોવાનું જાણવા મળેલ છે. ગરીબોના મુખ માંથી છીનવી આ અનાજના જથ્થાને વેંચી મારવાનું મસ મોટું કૌભાડ બહાર આવતા લોકોમાં રોષ ઉઠી રહ્યો છે. આ કૌભાડ કરનાર દુકાનદાર ગ્રામ પંચાયતનો સભ્ય હોવાનું જાણવા મળેલ છે. જો પદાધિકારીઓ જ આવા કરતૂતો કરે તો સામાન્ય વેપારીઓ સામે શું અપેક્ષા રાખવી. આ ગરીબોના અનાજના જથ્થાને બારોબાર વેંચી મરનાર સામે કાયદાકીય તપાસ અને દંડ સજા થાય એવું લોકો ઈચ્છી રહ્યાં છે.

# હાઈકોર્ટમાં થયેલી સુઓમોટોમાં ૫ મનપાએ કોર્ટમાં એફિડેવિટ કરી

## રાજકોટ, અમદાવાદ ,સુરત, વડોદરા મનપાએ સીલબંધ કવરમાં કોર્ટમાં કર્યું એફિડેવિટ

■ **રાજકોટ અગ્નિકાંડ બાદ ફાયર વિભાગ સાથે ખાસ ડ્રાઇવ યથાવત હોવાનો એફિડેવિટમાં ઉલ્લેખ**

ભારત હેડલાઇન, તા.૩

રાજકોટ અગ્નિકાંડ કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી,જેમાં મહાનગરપાલિકાની કોર્ટે ઝાટકણી કાઢી હતી.ત્યારે સુઓમોટામાં ૫ મહાનગરપાલિકાએ અલગ-અલગ મુદ્દાઓને લઈ કોર્ટમાં એફિડેવિટ કરી હતી.તો આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં ૬ જુને વધુ સુનાવણી થશે.

રાજકોટ મનપાએ તેની એફિટેવિટમાં ઉલ્લેખ કર્યો કે,જવાબદાર ૮ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે,તમામ ગેમઝોન હમણાં રહેશે બંધ,તપાસમાં હજી બેદરકારી રાખનાર અધિકારી સામે પગલાં લેવાશે,ફાયર એકટની અમ્લવારી કડકપણે કરાવી રહ્યા છે તો હજી ફાયર એકટ મુજબ ડ્રાઈવ ચાલુ રહેશે Sit રિપોર્ટ બાદ બેદરકારો સામે સસ્પેન્ડ કરવાની રાજકોટ મનપાએ તૈયારી દર્શાવી છે. ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું હતુ કે રાજકોટ ગેમઝોને BU પરમિશન લેવી પડે પણ આ ગેમિંગ ઝોને પ્લાન પાસ કરાવ્યા ન હતા. એટલે કે NOC ન હતી. તેના પરથી કહી શકાય કે આ ગેમઝોન ગેરકાયદેસર ચાલતું હતું. અધિકારીએ કેમ ધ્યાન ન આપ્યું તે મુદ્દે પણ ગુજરાત હાઈકોર્ટમાં દલીલ થઈ હતી.

ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો લઈ મોટી દુર્ઘટના વિશે પિટિશન કરી હતી. જેની સુનાવણી સાડા ચાર કલાક ચાલી હતી. જેમાં હાઈકોર્ટે કેટલાક તથ્યો પર પ્રશ્નો કર્યા હતા. જેમાં ડાયરેક્શન ઈશ્યુ કર્યા કે કયા ધોરણે મંજૂરી અપાઈ, ગઘઈ હતું કે નહીં, GDCR મુજબ હતું કે નહીં? સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે કોર્પોરેશન, સરકારની દલીલો સાંભળી હતી.

## ભાજપ – કોંગ્રેસ સહિતના ૯ ઉમેદવારોનું રાજકીય ભાવિના ફેંસલાનું કાઉન્ટડાઉન શરૂ

# આજ સવારથી રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી : ૧૨ વાગ્યા સુધીમાં પરિણામ

- **રાઉન્ડવાઈઝ પરિણામની જાહેરાતઃ ECIના ટ્રેન્ડ સોફ્ટવેરની મદદથી કરાશે**



ભારત હેડલાઈન, તા.૩

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરી આજે તા.૪ના મંગળવારના સવારના ૧૧ વાગ્યાથી સરકારી ઈજનેરી કોલેજ કણકોટ ખાતે કરવામાં આવનાર હોય આ અંગેની તમામ તૈયારીઓ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરીના આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા હોય પરિણામ અંગે લોકોમાં ભારે ઉત્સુકતા છવાઈ જવા પામી છે. અહીં ઉલ્લેખનીય છેકે રાજકોટ લોકસભાની બેઠક આ વખતે ક્ષત્રિય આંદોલનના પગલે હોટસ્પોટ બની છે. ગુજરાત સહિત દેશભરના રાજકીય પંડિતોની નજર આ બેઠકના પરિણામ પર મંડાયેલી છે.

રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી અંગે કરાયેલ વ્યવસ્થા સંદર્ભે જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ કલેકટર કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે સવારના ૮ વાગ્યાથી જ મતગણતરીનો પ્રારંભ ઓબ્ઝર્વર અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ પ્રારંભ થઈ જશે. ગતગણતરી કેન્દ્ર પર થ્રીલેયરમાં સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલીસ, એસઆરપી, અર્ધ લશ્કરી દળની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે તૈનાત કરી દેવામાં આવેલ છે.

મતગણતરી કેન્દ્ર પર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવાયેલ છે. રાજકોટ બેઠકની આ ચૂંટણીનું પરિણામ ૧૨ વાગ્યા સુધીમાં મળી જવાની શકયતા છે. લોકસભા બેઠકની મતગણતરીને અનુલક્ષીને ખાસ કંટ્રોલ રૂમ પણ ધમધમતો કરી દેવામાં આવેલ છે. લોકોને આ મામલે કઈ પણ ફરિયાદ હોય તો કંટ્રોલ રૂમના ફોન નં. (૦૨૮૧) ૨૯૯૪૭૮૮ ઉપર સંપર્ક કરી શકે છે. સાત વિધાનસભા વિસ્તાર અને પોસ્ટલ બેલેટની મતગણતરી એક સાથે સવારના આઠ વાગ્યાથી રાઉન્ડવાઈઝ શરૂ કરાશે.જેમાં સરકારી ઈજનેરી કોલેજના ઈસી બિલ્ડીંગમાં ઓબ્ઝર્વરની ઉપસ્થિતિમાં પોસ્ટલ બેલેટ તેમજ વાંકાનેર ૬૭, રાજકોટ ગ્રામ્ય ૭૧, તેમજ આઈસી બિલ્ડીંગમાં ૬૬-ટંકારા, ૬૮ રાજકોટ પૂર્વ, ૬૯ રાજકોટ પશ્ચિમ, અને ૭૨ જસદણ વિધાનસભા વિસ્તારની મતગણતરી કરવામાં આવશે.

કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે વાંકાનેર વિધાનસભા વિસ્તારમાં ૩૦૩ મતદાન બુથો પર મતદાન થયું હતું. આ વિસ્તારની મતગણતરી ૨૨ રાઉન્ડમાં થશે. જયારે રાજકોટ ગ્રામ્ય વિધાનસભા વિસ્તારમાં ૩૮૧ મતદાન બુથો પર મતદાન થયું હતું જેની ગણતરી ૨૮ રાઉન્ડમાં જયારે ટંકારા વિસ્તારમાં મતદાન ૨૯૧ બુથ પર થવા પામેલ હતું. જેની મતગણતરી ૨૧ રાઉન્ડમાં કરવામાં આવશે.

જયારે રાજકોટ પૂર્વ વિધાનસભા વિસ્તારમાં ૨૬૪ મતદાન બુથો પર મતદાન થવા પામેલ હતું જેની મતગણતરી ૧૯ રાઉન્ડમાં થશે. રાજકોટ પશ્ચિમ વિધાનસભા વિસ્તારની મતગણતરી ૨૩ રાઉન્ડમાં અને રાજકોટ દક્ષિણ વિધાનસભા વિસ્તારની મતગણતરી ૧૭ રાઉન્ડમાં જયારે જસદણ વિધાનસભા વિસ્તારની મતગણતરી ૧૯ રાઉન્ડમાં કરવામાં આવનાર છે.

## યુનાઈટેડ કેર હોસ્પિટલ અંતર્ગત સર્વાઈકલ કેન્સર વેક્સિન અભિયાન કાર્યક્રમ સંપન્ન



ભારત હેડલાઈન, તા.૩

કર્મયોગી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત યુનાઈટેડ કેર દ્વારા સર્વાઈલ કેન્સર વેક્સીન અભિયાન અંતર્ગત ૧૭૨ જેટલા બહેનોને વેક્સીન આપવામાં આવેલ હતી. આ વેક્સીન થકી બહેનોને સર્વાઈકલ કેન્સર સામે સુરક્ષા મળશે. આ કાર્યક્રમ લક્ષ્મીનારાયણદેવ મહિલા મંડળ અને સુહાસીની ટ્રસ્ટના સહયોગથી યોજવામાં આવ્યો હતો.

## રાજકોટમાં સપ્તાહ પૂર્વે લૂંટનો પ્રયાસ કરનાર બે પિતરાઈની ધરપકડ

### ૪૦ લાખનું દેણું થઈ જતાં કોડીનારના શખસએ લૂંટનો પ્લાન ઘડ્યો હતો

ભારત હેડલાઈન, તા.૩

રાજકોટમાં લક્ષ્મીનગર ચોક પાસે આવેલ આનંદી જવેલર્સમાં ગઈ તા.૨૫ ના બે શખ્સોએ ઘુસી છરીની અણીએ લૂંટનો પ્રયાસ કરી સોની વેપારીને ગંભીર ઈજા પહોંચાડિ નાસી છૂટતાં માલવીયાનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ ટીમે સીસીટીવી ફુટેજના આધારે સઘન તપાસ કરી મૂળ કોડીનાર પંથકના અને હાલ રાજકોટમાં રહેતા બેલડીની પુનિતનગરના ટાંકા પાસેથી ઝડપી પાડી રૂ.૯૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વિજય પ્લોટ મેઈન રોડ પર વિજય પ્લોટ શેરી નં.૭/૮ માં રહેતાં સુજીતભાઇ પ્રતાપભાઇ ઝરીયા (ઉ.વ.૪૦) એ માલવીયાનગર પોલીસ મથકમાં લૂંટના પ્રયાસ અંગે બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

જેમા ગ્રાહક તરીકે આવેલ બેલડીએ દાગીના બતાવવાનું કહી છરીથી ઝપાઝપી કરી ઈજા પહોંચાડેલ હતી.

બાદમાં એક શખ્સના હાથમાંથી છરી પડી જતાં અને અન્ય શખ્સ પણ ટેબલ કૂદી ઝપાઝપી કરવા લાગેલ દરમિયાન તેઓ ટેબલ કુદીને દુકાનની બહાર ગયેલ અને રોડ ઉપર આવી ગયેલ બાદ બંને શખ્સો દુકાનમાંથી નિકળી બંને નાસી છૂટ્યા હતાં. બાદમાં પોલીસને જાણ કરી તેઓને સારવારમાં ખસેડવામાં આવ્યાં હતાં.

### રાજકોટ અગ્નિકાંડમાં RMCના વધુ બે અધિકારી સસ્પેન્ડ

# કરોડો રૂપિયાની સંપત્તિનો માલિક મનસુખ સાગઠિયા અને મુકેશ મકવાણાને ફરજ મોકૂફ કરાયા

ભારત હેડલાઇન, તા.૩

રાજકોટમાં ૨૫ મેના રોજ સાંજના ૫.૩૦ વાગ્યા આસપાસ TRP ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. જેમાં રાજકોટ મનપાના અધિકારીઓની ઘોર બેદરકારી સામે આવતા પોલીસ દ્વારા મનપાના ચાર અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. જેને લઈ મનપા કમિશનર દ્વારા તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા અને એટીપીઓ મુકેશ મકવાણાને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે અન્ય બે આરોપી ગૌતમ જોશી અને રોહિત વિગોરાને એક સપ્તાહ પૂર્વે રાજ્ય સરકારના સીધા આદેશથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે સાગઠિયા પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે જ્યારે તેનો પગાર તો ૭૫ હજાર જ છે. રાજકોટ મનપાની વેસ્ટ ઝોન ટી.પી. શાખા દ્વારા TRP ગેમ





ઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકીના નામે નોટિસ પાઠવીને ગેરકાયદે બાંધકામ તોડી પાડવા જણાવાયું હતું. મનપાના ચોપડે પણ આ વાત નોંધાયેલી છે. જો કે, ત્યારબાદ કોઈ કાર્યવાહી થઈ નથી. ટીપીઓ દ્વારા બાંધકામોનું ડિમોલિશન કરવા માટે ફાઈલ છેલ્લે કમિશનરને મોકલવામાં આવે છે અને ત્યારબાદ ડિમોલિશન થાય છે પરંતુ આ ફાઈલ ખરેખર ત્યાં સુધી પહોંચી હતી કે દબાવી દેવામાં આવી હતી તેની પણ તપાસ ચાલી રહી છે. નોટિસ પાઠવ્યા બાદ ડિમોલિશન ન કરવામાં આવતા ૨૫ મેના રોજ TRP ગેમ ઝોનમાં આગ લાગી હતી અને ગેમઝોન ડેથ ઝોન બની જતા ૨૭ લોકોના મૃત્યુ અધિકારીઓના પાપે થયા હતા.

આગ લાગ્યા બાદ સરકારના આદેશથી ૭ જેટલા અધિકારીઓને સરકારે સસ્પેન્ડ કર્યા હતા. જે બાદ ગતરાત્રે તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા અને એટીપીઓ મુકેશ મકવાણાને મહાપાલિકાએ પોલીસ કસ્ટડીમાં ૪૮ કલાક સુધી રહેતા સસ્પેન્ડ કરતા આદેશ કર્યા છે.મનસુખ સાગઠિયા છેલ્લા એક દાયકાથી ટાઉન પ્લાનિંગ શાખામાં કામ કરતા હતા. તેમના કાર્યકાળ દરમિયાન ગેમ ઝોનની દુર્ઘટના થતા ૨૮ મેના રોજ એમની અટકાયત કરવામાં આવી હતી. મનપાની ચાલુ બેઠકમાંથી ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ તેમને ઉઠાવી ગયા હતા અને પૂછપરછ હાથ ધરી હતી. જો કે, ધરપકડ બે દિવસ પછી કરવામાં આવી હતી. કોઈ પણ અધિકારીના પોલીસ કસ્ટડીમાં ૪૮ કલાક થાય એટલે તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવતા હોય છે.

# જૂનાગઢ હત્યાની કોશિષના ગુનામાં જસદણના ત્રણ શખ્સોની ધરપકડ

- ધારાસભ્યના પૂત્ર સહિતના શખ્સોને ઝડપી લેવા દોડધામ

ભારત હેડલાઇન, તા.૩

ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિત ૧૦ શખ્સો વિરૂદ્ધના એટ્રોસિટી, હત્યાની કોશિષ સહિતના કેસમાં જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ૩ શખ્સોની ધરપકડ કરી વધુ પૂછતાછ હાથ ધરી કાર અને એક મોબાઈલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢના કોરીયોગ્રાફર સંજય ઉર્ફે ચંદુ રાજુભાઈ સોલંકી નામના યુવકને સામાન્ય બાબતમાં ગોંડલ ખાતે ઉઠાવી જઇ અપહરણ કરી કપડાં ઉતરાવી બેફામ માર મારી વિડીયો ઉતારી જ્ઞાતિ પ્રત્યે હડધુત ફરિયાદ નોંધાઈ હતી આ ફરિયાદ આધારે ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જયરાજસિંહ જાડેજા સહિત ૧૦




શખ્સો સામે હત્યાની કોશિશ, એટ્રોસિટી એક્ટ સહિતની કલમ મુજબ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો આરોપીઓને ઝડપી લેવા માટે જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સૂચના અન્વયે પોલીસની જુદી જુદી ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી દરમિયાન જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ જે. જે. પટેલ અને તેમની ટીમે ૩ શખ્સોની ધરપકડ કરી એક કાર અને મોબાઈલ કબજે લઈ ગણેશ જાડેજા સહિતના આરોપીઓની શોધખોળ હાથ ધરી છે પોલીસે જસદણના અતુલ પ્રેમસાગર કકેરીયા, ફેજલ ઉર્ફે પાવલી હુશેનભાઈ પરમાર અને ઇકબાલ હારુનભાઈ ગોગદાની ધરપકડ કરી છે અતુલ બે ગુનામાં, ફેજલ ૧૧ ગુનામાં અને ઇકબાલ એક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે.

# ૯૯ વેપારીઓ પાસેથી ૧૫ કિલોથી વધુ પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરતું મ્યુ. કોર્પો.

ભારત હેડલાઇન, તા.૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૦૧ અને ૦૨ ના રોજત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાંતા. ૦૧/૦૬/૨૦૨૪ અને ૦૨ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૯૯ આસામીઓ પાસેથી ૧૫.૫૨૫કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી



રૂ.૨૯,૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના જવાહર રોડ,અટીકા રોડ,કેનાલ રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫આસામીઓ પાસેથી ૪.૩૨૫કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૯,૯૦૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ તથા વેસ્ટ ઝોનનાશ્યામનગર મેઈન રોડ,મવડી રોડ,જીવરાજપાર્કપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૩આસામીઓ પાસેથી ૬.૪૫૦કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૨,૧૦૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો

વૈષ્ણવાચાર્ય પૂ.ગો.શ્રી વ્રજરાજકુમારજી મ.ના સાંનિધ્યમાં

# શ્રીનાથધામ હવેલીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન એજયુકેશન દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી



પૂ.શ્રી વ્રજરાજકુમારજીમ.ના વરદહસ્તે બાળકોને પ્રમાણપત્ર તથા ઉપહાર અર્પણ કરાયા

ભારત હેડલાઇન, તા.૩

વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.શ્રી વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં વલ્લભયુથ ઓર્ગેનાઈઝેશન એજયુકેશન દ્વારા વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.વીવાયઓ શ્રીનાથધામ હવેલી ખાતે વલ્લભયુથ ઓર્ગેનાઈઝેશન એજયુકેશનના તમામ બાળકોને પૂજયશ્રી વ્રજરાજકુમારજી મહોદયના વરત હસ્તે સર્ટિફિકેટ તથા ઉપહાર અર્પણ કરાયા હતા.

તેમજ વીવાયઓ બાળકો અલગ અલગ વેશભૂષામાં તૈયાર થઈને કૃષ્ણ ભકિત પર નૃત્ય કર્યું હતું.તેમજ પૂજય શ્રીએ આશિર્વચન પાઠવી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.રાજકોટમાં છેલ્લા ૧૦ વર્ષથી વીવાયઓ ૬ થી ૧૬ વર્ષના બાળકો માટે કોઈપણ ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વગર ચાલી રહ્યું છે.

ભારતમાં જુદા-જુદા રાજયોમાં ઘણી બ્રાન્ચો સક્રિય છે. વિશ્વના ૧૫ થી પણ વધારે દેશોમાં પુષ્ટિમાર્ગનું નેટવર્ક ધરાવતી એકમાત્ર ઓર્ગેનાઈઝેશન છે .અત્યારે હજારથી પણ વધુ બાળકો રાજકોટમાં વીવાયઓઈ સાથે સંકળાયેલા છે.

પૂજય શ્રી વ્રજરાજકુમારજી મહોદયનો વીવાયઓ દ્વારા મુખ્યહેતુ બાળકોમાં નાનપણથી જ સારા સંસ્કારનું સિંચન થાય તથા ભારતીય સંસ્કૃતિ તેમજ ધર્મના વારસા સાથે પોતાના જીવન કૌશલ્યોને વિકસાવી સારા માર્ગે વાળી અને ભવિષ્યનો સારો નાગરિક તૈયાર કરી તેમને તેજસ્વીના પથ તરફ વાળવાનો છે.રાજકોટમાં વીવાયઓઈની ૪ બ્રાન્ચ છે.જેમાં જી.કે.ધોળકિયા પંચાયતનગર, નચિકેતા સ્કૂલ સ્પીડવેલવ પાર્ટી પ્લોટ પાસે,૩, કે.જી.ધોળકિયા-બાલાજી હોલ પાસે-૪, ઉડાન સ્કૂલ શ્રીનાથધામ હવેલી પાસે છે. દરેક બ્રાન્ચનો સમય દર રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨ કલાકનો હોય છે. વીવાયઓઈમાં જોડાવવા તેમજ વધુ માહિતી માટે ૯૪૨૭૨૦૯૫૨૦ સંપર્ક કરવો.

# રાજકોટની શ્રમજીવી સંઘમાં ગોળની ભીલીનું વિતરણ કરાયું



ભારત હેડલાઇન, તા.૩

શ્રી શ્રમજીવી સ્થાનકવાસી જૈન ટ્રસ્ટના ઉપક્રમે શ્રી પ્રેમચંદજી મહારાજ આરાધના ભવન ખાતે પૂ.શ્રી ધીર ગુરૂદેવ પ્રેરિત ઉનાળુ છાસ કેન્દ્રમાં શ્રી મનહરભાઈ અને મુકતાબેન પારેખ તરફથી ગોળની ભીલીનું વિતરણ કરવામાં આવેલ.આ પ્રસંગે મહેશ મહેતા, રાજેશ દફતરી, હસમુખ શાહ, કલ્પના દફતરી ભરત દોશી, કલ્પના પારેખ વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. કાળજાળ ગરમીમાં છાસ અમૃતનું કાર્ય કરે છે. શ્રમજીવી ઉપાશ્રયે મધુર વકતા પૂ. હસુતાજી મ.સ., પૂ.હર્ષિદાજી મ.સ. અને આરાધના ભવનમાં પૂ. વીણાજી મ.સ. બિરાજે છે.

# ઉમિયા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કડવા પાટીદારના વિદ્યાર્થીનો સત્કાર સમારંભ યોજાશે

ભારત હેડલાઇન, તા.૩

ઉમિયા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા કડવા પાટીદારના તેજસ્વી વિદ્યાર્થીના સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવશે. આ તકે વિદ્યાર્થીઓ ધો.૧૦,૧૨,ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, ડીગ્રી વગેરે કોર્સના ફાઈનલ વર્ષમાં ધો.૧૦માં ૮૫ ટકા, ધો.૧૧ (સાયન્સ) ૮૦ ટકા, ધો.૧૨ જનરલ ૮૦ ટકા, ગ્રેજયુએટ ડિગ્રી ફાઈનલ વર્ષ ૬૫ ટકા, માસ્ટર ડીગ્રી ૬૫ ટકા, પીએચડી અને અન્ય કોર્ષમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ફોર્મ ભરી શકશે.આ માટેના નિયત કરેલ ફોર્મ ભરી માર્કશીટની ઝેરોક્ષ નકલ સાથે તા.૧૫-૭-૨૦૨૪ સુધીમાં સંસ્થાની ઓફિસે રજુ કરવાના રહેશે. ફોર્મ મેળવવા માટે ઉમિયા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ ૧૬૨ બેકબોન શોપીંગ સેન્ટર, માયાણી ચોક, જય ગોપાલ જનરલ સ્ટોર્સ, સાધુ વાસવાણી રોડ, અમી ઓપ્ટીકલ, ૧૦૧ પ્રસિદ્ધા કોમ્પ્લેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, સ્ટેશનરી સ્ટેશન, શોપ નં.૭, ગ્રાઉન્ડ ફ્લોર કેસ્ટોન કોમ્પ્લેક્ષ, માધવ મેડીકલ, દ્વારકાધીશ મેઈન રોડ, ઉમિયા ચોક, ઉમિયાજી સીઝન સ્ટોર્સ, પંચાયતનગર, યુનિવર્સિટી રોડ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

રાજકોટ સરકારી હોસ્પિટલમાં ઉંદરોનો ત્રાસ

# ત્રણ દર્દીને બચકા ભર્યાની ફરિયાદ બાદ ૪૦ મોટા ઉંદરો સકંજામાં

- રાજકોટની સિવિલ હોસ્પિટલ આ વખતે ઉંદરોને લઈ વિવાદમાં આવી, ખાસ ''રેટ ટ્રેપ' ઓપરેશન હાથ ધરાયું



ભારત હેડલાઇન, તા.૩

રાજકોટ સિવિલ હોસ્પિટલે શનિવારે ''રેટ ટ્રેપ'' ઓપરેશન હાથ ધર્યું હતું, જેના પરિણામે હોસ્પિટલમાં ૪૦ મોટા ઉંદરોને પકડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીનો હેતુ સુવિધામાં ઉંદરોના ઉપદ્રવની ફરિયાદોને દૂર કરવાનો છે. સવારથી જ વિભાગોમાં ૪૦ ઉંદરો ટ્રેપ પર હતા. ઉલ્લેખનીય છે કે, દર્દીઓને પગને ઉંદરો ખોતરી ગયાની ફરિયાદ મળતા તંત્ર સફાળું જાગ્યું હતું.બે મહિલા સહિત ત્રણ દર્દીઓને ઉંદર કરડ્યા હોવાના અહેવાલના પગલે સરકારી હોસ્પિટલમાં વહેલી સવારે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ટ્રેપ દરમિયાન કુલ ૪૦ ઉંદરો ફસાયા હતા. પીએમએસએસવાય બિલ્ડિંગના ચોથા માળે પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં ત્રણ દર્દીઓને ઉંદર કરડ્યા હતા.તેમાંથી બે દર્દી રાજકોટના છે જ્યારે એક જસદણનો છે. અલગ-અલગ રૂમ અને વોર્ડમાં પ્લાસ્ટિકના સ્ટીકરો મૂકવામાં આવ્યા હતા, જેણે ઓપરેશનના અંત સુધીમાં ૪૦ ઉંદરોને સફળતાપૂર્વક ફસાવ્યા હતા.જેમાંથી ૨૦ ઉંદર બપોર સુધીમાં ફસાઈ ગયા હતા અને બીજા ૨૦ ઉંદર સાંજ સુધીમાં પકડાઈ ગયા હતા. આ પહેલા પણ ઉંદરો અંગેની અસંખ્ય ફરિયાદો મળી હતી અને જવાબમાં પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ માટે ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલુ છે તેવું જણાવાયું હતુ.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ - પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર-૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# સૌરાષ્ટ્ર યુનિ. સહિતની વિશ્વ વિદ્યાલયો સામે કંપ્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી કરવા બીસીજીની ચેતવણી

- સુપ્રીમ કોર્ટનો આદેશ હોવા છતાં વકીલોની ડીગ્રીનું વેરિફિકેશન કરવામાં આડોડાઈ કરતી યુનિવર્સિટીઓ સામે લાલ આંખ કરતું બાર કાઉન્સિલ ઓફ ગુજરાત




ભારત હેડલાઇન, તા.૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓ સામે કંપ્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી કરવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે તૈયારી દર્શાવી ચેતવણી આપી છે. સુપ્રીમ કોર્ટનો આદેશ હોવા છતાં વકીલોની ડીગ્રીનું વેરિફિકેશન કરવામાં આડોળાઈ કરતી યુનિવર્સિટીઓ સામે બીસીજીએ લાલ આંખ કરી છે.બીસીજીની યાદીમાં જણાવ્યું છે કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વેરીફીકેશન કમિટીના ચેરમેન જે.જે.પટેલ, અનિલ સી.કેલ્લા તથા રમેશચંદ્ર જી. શાહની મળેલી. મીટીંગમાં સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પાંચ સભ્યોની હાઈ પાવર કમિટી બનાવવામાં આવેલ અને જેમના વડપણ હેઠળ દેશની તમામ બાર કાઉન્સિલના સને ૧૯૯૦ પછી નોંધાયેલા એડવોકેટની માર્કશીટસ, સર્ટીફીકેટસના વેરીફીકેશનની કામગીરી સુપ્રીમ કોર્ટના અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના આદેશ અનુસાર હાથ ધરવામાં આવેલ છે. જે આદેશ અનુસાર ૧૯૬૧ થી ૧૯૯૦ સુધી નોંધાયેલા વકીલોએ વેરીફીકેશન ફોર્મ અને નિયત ફી ભરવાની હોય છે.તેમજ ૧૯૯૧ થી જૂન-૨૦૧૦ સુધીના નોંધાયેલા વકીલોએ પ્રેક્ટીસ વેરીફીકેશન ફોર્મ, નિયત ફી સાથે છેલ્લા ૫ વર્ષના વકીલાતનામાં તેમજ શૈક્ષણિક સર્ટીફીકેટસ, ધોરણ-૧૦, ધોરણ-૧૨, ગ્રેજયુએશન તેમજ એલ.એલ.બી.ની તમામ માર્કશીટસ, ડીગ્રી સર્ટીફીકેટસ, નિયત ફી સાથે ભરવાનું હોય છે. તેમજ જૂલાઈ-૨૦૧૦ પછીના નોંધાયેલ વકીલોએ ઓલ ઈન્ડિયા બાર એકઝામ પાસ કર્યાનું સર્ટીફીકેટ તેમજ શૈક્ષણિક માર્કશીટ અને ડીગ્રી સર્ટીફીકેટસ માત્ર ભરવાનુ હોય છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં અત્યાર સુધી ૩૨,૬૪૫ જેટલા વકીલોએ વેરીફીકેશન ફોર્મ ભરેલ છે. ૧૬,૦૦૦થી વધુ ધારાશાસ્ત્રીઓએ ડેકલેરેશન ફોર્મ ભરેલા છે. જેની જુદી- જુદી યુનિર્વસીટીઓ દ્વારા વેરીફીકેશન કરાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.છેલ્લા ઘણા સમયથી સુપ્રીમ કોર્ટમાં સિવિલ રીટ પીટીશન નં. ૮૨/૨૦૨૩માં એવો નિર્દેશ કરેલ છે કે, દેશની તમામ યુનિર્વસીટીઓ અને એકઝામીનેશન બોર્ડ દ્વારા કોઈપણ પ્રકારના ચાર્જ લીધા સિવાય અને કોઈપણ પ્રકારના વિલંબ કર્યા સિવાય તાકીદે વેરીફીકેશનની પ્રક્રિયા પૂરી કરી આપવી. તેમ છતાં રાજ્યની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, એમ. એસ. યુનિવર્સિટી વગેરે દ્વારા કોઈપણ પ્રકારના કારણ વગર માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટના વેરીફીકેશનના કામમાં વિલંબ કરવામાં આવી રહેલ છે.સુપ્રીમ કોર્ટનો આદેશ હોવા છતાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત પાસેથી માર્કશીટસ વેરીફીકેશન માટે ખોટી રીતે વેરીફીકેશનની ફી ની માંગણી કરવામાં આવી રહેલ છે. જેથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વેરિફિકેશનની કમિટી દ્વારા તમામ યુનિવર્સિટીઓ, જે વકીલોની માર્કશીટ વેરીફીકેશન માટે મોકલી આપવામાં આવેલ છે. તે વિના વિલંબે ત્વરિત ચકાસણી કરી આપવા માટે લેખિત જાણ કરવામાં આવેલ છે. જો આ યુનિવર્સિટીઓ દ્વારા માંગણીનો અમલ નહીં કરવામાં આવે તો કોર્ટના હુકમના ઉલંઘન બદલ યુનિવર્સિટીઓ વિરૂધ્ધ કન્ટેમ્પની કાર્યવાહી કરવી પડશે. તેમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઈન્ચાર્જ સેક્રેટરી સિધ્ધિ ડી. ભાવસરની યાદીમાં જણાવાયું છે.

### વેરીફીકેશન કમિટી પાસે ફોર્મ નહીં ભરે તે વકીલની સનદ સસ્પેન્ડ થશે

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વેરીફીકેશન કમિટી પાસે ગુજરાતના જે વકીલોએ પ્રેકટીસ વેરીફીકેશન ફોર્મ કે ડેકલેરેશન ફોર્મ ભરેલ નથી તેમને તાકીદ કરવામાં આવી છે કે, ૩૦ દિવસમાં ફોર્મ ભરીને મોકલે. અન્યથા સનદ સસ્પેન્ડ કરવામાં આવશે. હાલ ૭,૦૬૪ જેટલા વકીલોએ માત્ર ફોર્મ ભરેલ છે. માર્કશીટસ મોકલેલ નથી. જો માર્કશીટસ મોકલાવશે નહીં તો તેમના વેરીફીકેશનની કાર્યવાહી અટકી પડશે. પછી હાઈ પાવર કમિટી જે નિર્ણય લેશે તે બંધનકર્તા રહેશે.

---

## રમેશ ઠક્કરના જન્મદિન નિમિતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૧૨૭ બોટલ એકત્ર



સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડની સખત અછત વચ્ચે રમેશભાઈ ઠક્કર (ગીરીરાજ હોસ્પિટલ)ના ૭૫માં જન્મદિવસે ચાર્ટર્ડ એકાઉન્ટની ઓફિસ તેમજ પુજા પેટ્રોલપંપના પ્રારંભ નિમિતે ગઈકાલે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૨૭ જેટલી બ્લડની બોટલ એકત્ર થઈ હતી. આ નિઃશુલ્ક બ્લડ ડોનેશન કેમ્પની સર્વત્ર બોટલ સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવી હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અગ્નિકાંડના દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પી પ્રાર્થનાસભા યોજાઈ

- ૧૧૧૧ મણ લીલો ઘાસચારો કરાયો અર્પણ




ભારત હેડલાઇન, તા.૩

રાજકોટના કાલાવાડ રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં ભયાનક આગ લાગવાથી દુર્ભાગ્યપુર્ણ ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના આત્માને શાંતી અર્થે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગત તા.૧ જૂનને શનિવારના રોજ રાષ્ટ્રીય શાળા પ્રાર્થના ખંડ ખાતે ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પી પ્રાર્થનાસભા યોજવામાં આવેલ હતી.

આ પ્રાર્થનાસભામાં રાજકોટ ચેમ્બરના હોદેદારો-કારોબારી સભ્યો, સાંસદ રામભાઈ મોકરીયા, મોહનભાઈ કુંડારીયા, ગુજરાત ગૌ સેવા આયોગના પૂર્વ ચેરમેન વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, મુકેશભાઈ દોશી, વિરેન્દ્રસિંહ ઝાલા, તેમજ બહોળી સંખ્યામાં વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ, વેપાર-ઉદ્યોગકારો ઉપસ્થિત રહીને મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. પ્રમુખ વી.પી. વૈષ્ણવએ આ દિવંગતોના આત્માઓની પાછળ રાજકોટ પાંજરાપોળ અને સદભાવના ટ્રસ્ટમાં ૧૧૧૧ મણ લીલો ઘાસચારો મોકલીને અનુકરણીય પગલું લીધેલ છે.

# ઓપન રાજકોટ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



ભારત હેડલાઇન, તા.૩

ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશન, રાજકોટ દ્વારા આયોજિત તથા આર.સી.સી. બેંક દ્વારા પ્રાયોજિત તા. ૨૧ થી તા.૨૯ દરમ્યાન સ્વ. શેઠશ્રી જયંતિલાલ કુંડલીયા મેમોરીયલ (ત્રીજી) અ-૧૪ તથા અ-૧૭ ભાઈઓની ઓપન રાજકોટ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટ માટે તા. ૧૫ સુધીમાં રોહીત બુંદેલા, મો. ૯૪૦૯૩ ૦૩૪૯૪, અજય ભટ્ટ મો. ૯૮૭૯૫ ૭૦૯૯૪, જયેશ કનોજીયા મો. ૯૪૨૯૨ ૯૯૧૯૦ પાસે એન્ટ્રી નોંધાવી દેવા જણાવાયું છે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ગુણુભાઈ ડેલાવાળા તથા પુરૂષોતમભાઈ પીપળીયાની આગેવાની હેઠળ એસોસિએશનના હોદ્દેદારો ડી.વી. મહેતા, મુકેશ બુંદેલા, બી.કે. જાડેજા, રોહિત બુંદેલા, જીવણસિંહ બારડ, અજય ભટ્ટ, ધર્મેશ છત્રોલા, અમૃતલાલ બહુરાશી, રાજેશ ચૌહાણ, જયેશ કનોજીયા, રોહીત પંડીત, દિપક યશવંત, અક્ષય પટેલ અને કિર્તી દવે વગેરે સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# સંતશ્રી વેલનાથ જયંતિ નિમિત્તે આયોજિત શોભાયાત્રાની તૈયારીઓ શરૂ

## ચુંવાળીયા કોળી બોર્ડીંગ ખાતે દર બુધવારે દર રવિવારે વાહન નોંધણી કરાવવાની રહેશે

ભારત હેડલાઇન, તા.૩

સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ શોભાયાત્રાના આયોજનની તાડમાર તૈયારી ચાલી રહી છે તો આ વર્ષે આગામી તા. ૭ જુલાઈ એ રાજકોટ ખાતે અષાઢી બીજના દિવસે સૌથી વધુમાં વધુ સંખ્યામાં ફોરવ્હિલ તથા અન્ય વાહનો એકત્રિત થાય તેની ઐતિહાસિક સફળતા મળે તે માટે ચુંવાળીયા કોળી વિદ્યાર્થી ભુવન ૪-લાખાજીરાજ ઉદ્યોગ નગર, ચુનારાવાડ, રાજકોટ ખાતે દર બુધવારે અને દર રવિવારે સાંજે ૫ કલાકે થી ૮ કલાક સુધી વાહન નોંધણી કરવામાં આવશે. સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિએ જણાવ્યું છે કે, અષાઢી બીજના દિવસે જ્ઞાતિજનોએ પોતાના કામધંધા રોજગાર અન્ય પ્રસંગોની સ્વૈચ્છિક રીતે રજા રાખીને પોતપોતાના વાહનો લઈને એક દિવસ માટે સંતશ્રી વેલનાથ રથયાત્રામાં જોડાશે. અષાઢી બીજના દિવસે આ વર્ષે ૨૫ મી રથાયાત્રા સવારે ૯ કલાકથી રાજકોટ બહુમાળી ચોકથી પ્રસ્થાન થશે. સવારથી બપોર સુધી શોભાયાત્રા હોય તો જ્ઞાતિજનોએ ધર્મસ્થાને સવારે વહેલાસર ધ્વજારોહણ પૂર્ણ કરીને શોભાયાત્રામાં સમયસર હાજરી આપવાની રહેશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જય વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિના પ્રમુખ દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી દીપકભાઈ બાબરીયા, ઇન્ચાર્જ દેવભાઈ કોરડીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. વધુ માહિતી માટે મો. ૯૦૩૩૫ ૧૮૯૦૯ પર સંપર્ક કરવાનો રહેશે.

### રાઈફલ શુટિંગમાં દેશના ટોપ ફાઈવમાં સ્થાન મેળવનાર

# જય ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રયાગ ધોળકિયાનું આદિત્ય બિરલા ફાઉન્ડેશન દ્વારા કરાયું સન્માન

- પુત્રની ઝળહળતી સફળતાથી પ્રેરિત થઈને માતા જલ્પાબેન છેલ્લા ૬ મહિનાથી પિસ્તોલ શૂટિંગની મેળવે છે તાલીમ

ભારત હેડલાઇન, તા.૩

જીનિયસ ગ્રુપની જય ઇન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રમત- ગમતના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે નિષ્ણાંત કોચ દ્વારા ખાસ ટ્રેનીંગ આપવામાં આવે છે. તાજેતરમાં જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધો.૯ માં અભ્યાસ કરતાં પ્રયાગ રાજેશ ધોળકિયાએ રાઈફલ શુટિંગ સ્પર્ધામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.પ્રયાગે રાષ્ટ્રીય કક્ષાએ રાઈફલ શૂટિંગમાં ટોપ ફાઈવમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેના માટે તેને આદિત્ય બિરલા ફાઉન્ડેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યો છે. પ્રયાગ ધોળકિયાએ તેની રાયફલ શૂટિંગની કારકિર્દીમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. તેમણે ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાન ટીમ અને એકાકી પ્રદર્શનમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ત્રણ સુવર્ણપદક, ચાર રજત પદક અને ત્રણ કાંસ્ય પદક હાંસલ કર્યા છે.તાજેતરમાં માર્ચ ૨૦૨૪માં રાજકોટમાં યોજાયેલ જિલ્લા કક્ષાની રાઈફલ શૂટિંગની સ્પર્ધામાં ૧૦ મીટર પીપ સાઈટ એર રાઈફલ શૂટિંગ યુથ મેન ઇન્ડિવિજ્યુઅલ કેટેગરીમાં તેણે એક સુવર્ણ પદક અને એક રજત ચંદ્રક તેમજ તેની ટીમને રજત ચંદ્રક પ્રાપ્ત થયો હતો. રાઈફલ શૂટિંગ ઉપરાંત પ્રયાગે સ્કેટિંગ સ્પર્ધાઓમાં પણ અનેક સન્માન પ્રાપ્ત કર્યા છે, જેમાં ક્વાડ અને ઈનલાઈન સ્કેટિંગ સ્પર્ધામાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પાંચ સુવર્ણપદક પ્રાપ્ત કર્યા છે. પુત્રની આવી ઝળહળતી સફળતાથી પ્રેરિત થઈને માતા જલપાબેન છેલ્લા ૬ મહિનાથી પિસ્તોલ શૂટિંગ શીખી રહ્યા છે.પ્રયાગ ધોળકિયા એ રાઈફલ શુટિંગ ક્ષેત્રમાં મેળવેલી સફળતા અને અથાગ પરિશ્રમ પાછળ માતા જલ્પાબેન ધોળકિયાનો ફાળો છે કે જેઓ જીલ્લા કક્ષાના પિસ્તોલ શુટર છે. પ્રયાગ ધોળકિયાએ પ્રાપ્ત કરેલ ઝળહળતી સફળતા બદલ અને ઉજજવળ ભવિષ્ય માટે જીનીયસ ગ્રુપના ચેરમેન શ્રી ડી. વી. મહેતા, સી.ઈ.ઓ. ડિમ્પલબેન મહેતા, જય ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ જોઈતા હૈ ચૌધરી અને સ્પોર્ટસ હેડ મહિપાલસિંહ જાડેજા તથા સમગ્ર જય ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવાર દ્વારા અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



# મનપા દ્વારા ધર્મ સ્થાનો, મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડીંગ સહિતનાં સ્થળોએ સફાઈ કરાઈ

- શહેરનાં જુદા–જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપર પણ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ : કુલ ૩૯ ટન કચરાનો નિકાલ

ભારત હેડલાઇન, તા.૩

ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪ માં શરૂ કરાયેલ સ્વચ્છ ભારત મિશન૧.૦, સમગ્ર દેશમાં સ્વચ્છતા અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે નિમિત બની રહ્યુ છે. જેની સફળતાના આધારે, ભારત સરકારે વર્ષ-૨૦૨૬ સુધીમાં તમામ શહેરોને કચરા-મુકત શહેરો બનાવવાના ઉદ્દેશય સાથે સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ લોન્ચ કરવામાં આવ્યું છે.ગુજરાત રાજ્ય સ્વચ્છતા બાબતે હમેશાં અગ્રેસર રહ્યું છે અને સ્વચ્છતા એ સરકારની પ્રાથમિકતા રહી છે. સ્વચ્છતાની આ પ્રવૃતિને વધુ આગળ વધારવા, રાજ્યના તમામ નાગરિકોની સમાન ભાગીદારી કેળવવા રાજય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે.નિર્મળ ગુજરાત ૨.૦ ના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૬ થી તા.૧૫/૬ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૬ અને ૦૨/૬ના રોજ રાજકોટ શહેરમાં આવેલ ધાર્મિક સ્થળો, મ્યુઝીયમ, પ્રવાસન સ્થળો, હેરીટેજ બિલ્ડીંગ તથા શહેરના એન્ટ્રી પોઈન્ટ્ની સઘન સફાઈની કામગીરી હાથ ધરેલ જેમાં કુલ ૪૯૩ સફાઈ કામદાર મારફત સફાઈ ઝુંબેશ કરેલ જેમા કુલ ૩૯ ટન કચરાનો નિકાલ કરેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પે નજાકટર/ સેનેટરી સબ ઈન્પેવિઝનકટર દ્વારા કરવામાં આવેલ હતી.

